# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૮/ક્વા-૧/૧૯-૨૦/૬૧૩૨–૧** **તા.૧૧–૦૯–૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૨૮/ક્વા-૧/૧૯-૨૦

અરજદાર: **મેં. ગોપી મિલ્ક પ્રોસેસર્સ** ગામ: હરીપર

રજૂઆત કરનાર: **અરજદાર હાજર રહેલ નથી.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **ખંભાલીયા**

રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી **આર.વી.સોમાણી** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **ખંભાલીયા**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, જામનગર વર્તુળ કચેરી

તારીખ: ૦૪-૦૯-૨૦૧૯ (બુધવાર)

૧.૦ સદર કેઈસની સુનાવણી તા.૧૧–૦૬–૧૯, તા.૦૭–૦૮–૧૯, તા.૦૪–૦૯–૧૯ ના રોજ મીટીંગ રાખવામા આવેલ હતી. જેમા અરજદાર હાજર રહેલ ન હતા. તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ઉપર આર.વી. સોમાણી કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી – જામખંભાળીયા હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર મેં. ગોપી મિલ્ક પ્રોસેસર્સ** ગામઃ હરીપર તેઓની અરજી ના નોંધણી નંબર :૨૮/ક્વા–૧/૨૦૧૯–૨૦ મા જણાવે છે કે, તેઓ ગ્રાહક નં. ૮૮૯૫૯/૦૦૯૪૭/૦ થી ૪૫ કીવો નુ ઓર્દ્યોગીક વીજજોડાણ પ્લોટ નં.–૧૭, સલાયા રોડ, હરીપર તા.ખંભાળીયા ખાતે ધરાવે છે. સદર વીજજોડાણને ગોઈંજ જેજીવાય ફીડરમાથી વીજપુરવઠો આપવામા આવે છે. સદર ફીડરમાં દિવસ દરમ્યાન વારંવાર વિજવિક્ષેપ ને લીધે – તેઓના મીલ્ક પ્રોસેસીંગ યુનીટ મા પારાવાર આર્થિક નુકશાન જાય છે. સદર યુનીટ ની બાજુમાં આવેલ શ્રેયા રેડી સીમેન્ટ કોંક્રીટ મીક્ષ ના નામના યુનીટ ને સલાયા ફીડરમાથી વીજપુરવઠો આપવામા આવે છે. તેમ છતા, તેઓને બીજા અલગ ફીડરમાથી વીજપુરવઠો આપવામા આવેલ, આમ, અરજદારે તેઓને સલાયા ફીડરમાથી વીજપુરવઠો આપવા માટે, અરજદારે તા.૨૯–૧૧–૧૮ ના રોજ વડત્રા પેટા વિભાગીય કચેરીમાં અરજી આપવા છતા – કોઈ કાર્યવાહી થયેલ ન હોય – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે-વડત્રા પેટા વિભાગીય કચેરી હેઠળ ગોપી મિલ્ક પ્રોસેસર ગ્રાહક નંબર ૮૮૯૫૯.૦૦૯૪૭.૪ થી ૪૫ કિલોવોટ નું થ્રી ફેસ વીજ જોડાણને ૧૧કેવી ગોઈજ જેજીવાય ફિડર માથી વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે. કંપની ના ધારા ધોરણ તેમજ સલામતી સબબ આ વીજ જોડાણ નું ટ્રાન્સફોર્મર સેન્ટર હૈયાત જગ્યાથી ફેરવી વીજ જોડાણ વાળી જગ્યાના આગળ ના ભાગે ફેરવવા ની કામગીરી માટે થતો ખર્ચ અરજદાર દ્વારા ભરપાઈ થતાં અરજદાર ની માંગણી મુજબ ૧૧ કેવી સંજયનગર જેજીવાય ફિડર માં પાવર ફેરવી આપેલ છે અને કામગીરી સંતોષ પૂર્વક પૂર્ણ કરી આપેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ હોય, અરજદારની સહીવાળુ સમાધાન પત્ર તા.૨૮–૦૭–૧૯ થી રજુ કરાયેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ પેરા નં ૨.૦ અને પેરા નં ૩.૦ અન્વયે અરજદારની સદર ફરિયાદનું પી.જી.વી.સી.એલ. કક્ષાએથી નિરાકરણ થતા - અરજદારની લેખિત સમંતિ મુજબ – સમાધાનપત્ર(પુરશીશ) તા.૨૮–૦૭–૧૯ થી રજુ કરાયેલ છે.

૪.૨ આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનું રહેતું ન હોય, અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(જે.બી.પારેખ)
ચેરપર્સન